દરેક સ્પર્ધાત્મક પરીક્ષા માટે ખાસ

# કરંટ અફેર્સ

સાંપ્રત બનાવો આધારિત
દર શનિવારે પ્રસિદ્ધ થતું
સાપ્તાહિક મેગેજીન

## 6 To 12 January 2018



તલાટી મંત્રી,
કોન્સ્ટેબલ,
બિન સચિવાલય,
પંચાયત મંત્રી
TET, TAT, HTAT, PSI

Paresh Chavda

EduSafar

## કરંટ અફેર્સ, તારીખ ૬/૧/૨૦૧૮

### વિશ્વના સૌથી મોટા સ્વચ્છતાસર્વેક્ષણ 'સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૧૮' ની શરૂઆત.

વિશ્વના સૌથી મોટા સ્વચ્છતાસર્વેક્ષણ 'સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૧૮' ની શરૂઆત દેશના પ્રધાનમંત્રી દ્વારા કરવામાં આવી છે.

આ કાર્યક્રમ ૪ જાન્યુઆરીથી માર્ચ ૨૦૧૮ સુધી ચાલશે.

આ સર્વેક્ષણ શહેરોમાં સ્વચ્છતા સ્તરમાં ઉપલબ્ધિઓનું મૂલ્યાંકન કરશે.

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ૨૦૧૬ થી સ્વચ્છતા સર્વેક્ષણ શરુ કરવામાં આવેલ છે.

સ્વચ્છ સર્વેક્ષણનો મુખ્ય ઉદેશ્ય સ્વચ્છતાના પગલે નાગરિકની ભાગીદારી ઉપલબ્ધ કરાવવાનો છે.

પ્રથમ સ્વચ્છતા સર્વેક્ષણ વર્ષ ૨૦૧૬ માં કરવામાં આવેલ.તેમાં ૭૩ શહેરોને સામેલ કરવામાં આવ્યા હતા.

વર્ષ ૨૦૧૬ ના સર્વેક્ષણમાં મૈસુરને પ્રથમ સ્થાન આપવામાં આવેલ.

આ વર્ષના સર્વેક્ષણમાં ૪૩૪ શહેરનો સમાવેશ કરવામાં આવેલ છે.

## આંતરરાષ્ટ્રીય

### ભારતના કેબીનેટ મંત્રાલય દ્વારા તેલ અને ગેસના સહયોગ માટે ભારત અને ઈઝરાયેલ દેશ વચ્ચે એમ.ઓ.યુ.ને મંજુરી આપવામાં આવી.

આ એમ.ઓ.યુ. થી ઉર્જા ક્ષેત્રમાં ભારત અને ઈઝરાયેલના આંતરિક સંબધોમાં મજબૂતી આવશે.

આ સમજુતીમાં બંને દેશો એકબીજાના સહયોગથી આગળ વધે તે માટેની તકનું નિર્માણ બંને પક્ષે કરવામાં આવશે.

એકબીજા દેશો વિકાસ અને સંશોધનના તમામ ક્ષેત્રમાં એકબીજા દેશોને સહયોગ કરશે.

હાલ ઈઝરાયેલ દેશના રાષ્ટ્રપતિ તરીકે રીયવેન રીવલીન સેવા આપી રહ્યા છે.

ઈઝરાયેલ દેશના પ્રધાનમંત્રી તરીકે બેન્જામીન નેતન્યાહુ સેવા આપી રહ્યા છે.

## રમત-જગત

### મેઘાલય રાજ્યએ વર્ષ ૨૦૨૨ માં ૩૯ માં રાષ્ટ્રીય રમતોત્સવની મેજબાની માટે અને હોસ્ટ સીટીના અનુબંધ પર હસ્તાક્ષર કર્યા.

મેઘાલયમાં વર્ષ ૨૦૨૨ માં આયોજિત થનાર ૩૯ માં રાષ્ટ્રીય ખેલ મહોત્સવની મેજબાની

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

માટે ભારતીય ઓલિમ્પિક સંઘ સાથે હોસ્ટ સીટી અનુબંધ પર હસ્તાક્ષર કરેલા છે.

આ સમજુતી ત્રિપક્ષીય કરવામાં આવેલ છે, તેમાં મેઘાલય રાજ્ય ઓલિમ્પિક સંઘ, રાજ્ય સરકાર અને ભારતીય ઓલિમ્પિક સંઘનો સમાવેશ થાય છે.

વર્ષ ૨૦૧૭ માં દક્ષિણ એશિયાઈ ખેલોની સફળતાપૂર્વક સહમેજબાની બાદ મેઘાલય હવે ૩૯ માં રાષ્ટ્રીય ખેલોની મેજબાની માટે તૈયાર છે.

મેઘાલયના મુખ્યમંત્રી મુકુલ સંગમાં છે, તેના રાજ્યપાલ તરીકે ગંગા પ્રસાદ સેવા આપી રહ્યા છે.

## અન્ય

### મહાત્મા ગાંધીની સીરીઝમાં દેશની રીઝર્વ બેંક ૧૦ રૂપિયાની પ્રસિદ્ધ કરશે.

ભારતીય રીઝર્વ બેંક ટૂંક સમયમાં મહાત્મા ગાંધી (નવી) ની સીરીઝમાં ૧૦ રૂપિયાના મુલ્યની નવી નોટ જાહેર કરશે.

નવી નોટના પાછળના ભાગમાં કોણાર્કના સુર્ય મંદિરની આકૃતિ રાખવામાં આવેલ છે.

નોટનો અડધો રંગ ચોકલેટ બ્રાઉન રખાયો છે.

## સમીક્ષા, તારીખ ૬/૧/૨૦૧૮

### ગોવા વિજ્ઞાન ફિલ્મ સમારોહના ત્રીજા સંસ્કરણની મેજબાની કરશે.

ગોવામાં જાન્યુઆરી ૨૦૧૮ માં ભારતના વિજ્ઞાન ફિલ્મ સમારોહના ત્રીજા સંસ્કરણનું આયોજન કરવામાં આવશે.

એસ.આઈ.આઈ.એફ.એફ.આઈ. ગોવા આયોજિત સમારોહ રાજ્ય આધારિત વિજ્ઞાન પરિષદ અને ગોવા વિજ્ઞાન અને પ્રધ્યોગીકી વિભાગ દ્વારા આયોજિત કરાઈ રહ્યો છે.

આ સમાંરોહનો ઉદેશ્ય વિજ્ઞાન ફિલ્મોની સંસ્કૃતિને ઉતેજન મળે તે રાખવામાં આવેલ છે.

પ્રસ્તુત તમામ ફિલ્મ વિજ્ઞાન અને પ્રાધ્યોગીકી સંબધિત હોવી જોઈએ.

હાલ ગોવાના મુખ્યમંત્રી તરીકે મનોહર પારીકર સેવા આપી રહ્યા છે.

ગોવાના રાજ્યપાલ તરીકે મૃદુલા સિંહા સેવા આપી રહ્યા છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

## કરંટ અફેર્સ, તારીખ ૭/૧/૨૦૧૮

### દિલ્હીમાં વિશ્વ પુસ્તક મેળો શરુ થયો.

૬ જાન્યુઆરી ૨૦૧૮ થી વિશ્વ પુસ્તક મેળો દિલ્હીમાં શરુ થયેલ છે.

આ વર્ષે મેળામાં જળવાયું પરિવર્તન,ગ્લોબલ વર્મિંગ, અને જલ પ્રદુષણ જેવા પર્યાવરણનાં મુદ્દાઓ મુખ્ય રહેશે.

વાર્ષિક પુસ્તક મેળામાં દેશભરના વિભિન્ન ભાષાઓમાં ૮૦૦ થી વધારે પ્રકાશકો હશે.

યુરોપીય સંઘના દેશો સિવાય ૪૦ થી વધારે દેશોએ ભાગ લીધેલ.

### મહારાષ્ટ્ર બિન અંગ્રેજી માધ્યમ વાળી સ્કૂલો માટે બોર્ડની સ્થાપના કરશે.

મહારાષ્ટ્ર સરકારના શિક્ષણમંત્રી વિનોદ તાવડેએ જાહેરાત કરી છે કે મહારાષ્ટ્ર સરકાર બિન અંગ્રેજી માધ્યમ સ્કૂલો માટે એક શિક્ષણ બોર્ડ બનાવશે.

આ સ્કૂલો માટે પાઠ્યક્રમ તૈયાર કરવા માટે સરકારે એક આંતરરાષ્ટ્રીય શિક્ષા બોર્ડનું નિર્માણ કરવાનો નિર્ણય કરેલ છે.

પ્રથમ ચરણમાં ૧૦૦ પસંદગીના મરાઠી વિદ્યાલય નવા પાઠ્યક્રમ અનુસાર કાર્ય કરશે.

## આંતરરાષ્ટ્રીય

### એમ.એ.એસ.ના પ્રમુખ રવિ મેનનને એશિયા-પ્રશાંત ક્ષેત્રમાં સર્વશ્રેષ્ઠ સેન્ટ્રલ બેંકના ગર્વનરના રૂપમાં નામિત કરવામાં આવ્યા.

સિંગાપુરના મૌદ્રિક પ્રાધિકરણ (એમ.એ.એસ.) ના પ્રબંધ નિર્દેશક રવિ મેનનને યુકે સ્થિત પત્રિકા ધ બેંકર દ્વારા વર્ષ ૨૦૧૮ સુધી એશિયા-પ્રશાંત ક્ષેત્રમાં સૌથી સારા ગવર્નર તરીકે પસંદ કરાયા છે.

નાણામંત્રી હેગ સુવી કીટને પણ આ એવોર્ડ આપવામાં આવેલ, જયારે તેઓ માસના પ્રબંધ નિર્દેશક હતા.

છેલ્લા ત્રણ વર્ષમાં આ પુરસ્કાર વિયેતનામ,ભારત અને બાંગ્લાદેશના કેન્દ્રીય બેંકરોને મળેલ.

### આઈસલૅન્ડ સમાન વેતન લાગુ કરનાર વિશ્વનો પ્રથમ દેશ બન્યો.

આઈસલેન્ડ પુરુષો અને મહિલાઓ વચ્ચે સમાન વેતનને લાગુ કરનાર વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે.

આઈસલેન્ડમાં હવે કામ માટે મહિલાઓની તુલનામાં પુરુષોને વધારે વેતન આપવું

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

અપરાધ ગણાશે.

નવા નિયમો અનુસાર ઓછામાં ઓછા ૨૫ લોકોને રોજગારી આપતી કંપનીઓ અને સરકારી એજન્સીઓને સામન ચુકવણીની નીતિઓનું પ્રમાણિકરણ કરવાનું રહેશે.

## રમત-જગત

### મોહમ્મદ સાલાહન આફ્રિકન પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ જીતવામાં સફળ રહ્યા.

વર્ષ ૧૯૮૩ બાદ મોહમ્મદ સાલાહ આ એવોર્ડ મેળવવામાં સફળ રહ્યા છે.

આ ખેલાડીએ ઈજીપ્ત અને લીવરપુલના સ્ટાર ખેલાડી છે.

તેમણે સાદિયો માને અને બોરુશિયા ડોર્ટમંડ ઓબેમયાંગને પાછળ રાખી આ પુરસ્કાર જીતેલ છે.

વર્ષ ૧૯૮૩ માં મેહમુદ અલ ખાતીબે આ એવોર્ડ જીત્યો હતો.

## અન્ય

### હિમાલયી હાઈડ્રો એક્સ્પો – ૨૦૧૮ કાઠમંડુમાં શરુ થયો.

હિમાલયી હાઈડ્રો એક્સ્પો -૨૦૧૮ નેપાળની રાજધાની કાઠમંડુમાં શરુ થયેલ છે.

નેપાળના રાષ્ટ્રપતિ વિદ્યા દેવી ભંડારીએ આ એક્સ્પોનું ઉદ્ઘાટન કરેલ.

ભારત, ચીન, ઓસ્ટ્રીયા, ચેક રિપબ્લિક અને નોર્વે સહીત વિભિન્ન દેશોના પ્રતિનિધિઓ આ એક્સ્પોમાં ભાગ લઈ રહ્યા છે.

આ એક્સ્પોનો મૂળ ઉદેશ્ય નેપાળની વિશાલ જલ રાશી ક્ષમતાને ઉજાગર કરી તેનું ફળ તમામને મળે તે આવશ્યક છે.

## સમીક્ષા,તારીખ ૭/૧/૨૦૧૮

### ૩૪ મો હાર્બિન આઈસ એન્ડ સ્નો ફેસ્ટીવલ શરુ થયો...

ઉત્તર પૂર્વ ચીનના હેઈલોંગજિયાંગ વિસ્તારની રાજધાની હાર્બિનમાં વિશ્વનો સૌથી મોટો આઈસ એન્ડ સ્નો સ્કલ્પચર ફેસ્ટીવલ ૫ જાન્યુઆરી ૨૦૧૮ થી શરુ થયો છે.

આ વખતે ૮ લાખ વર્ગ મીટરમાં સ્નો પાર્ક બનાવવામાં આવેલ છે.

આ પાર્કમાં ૧.૫ લાખ ઘન મીટર બરફનો ઉપયોગ કરવામાં આવેલ છે.

આ બરફ ગયા વર્ષથી ૩૦ હજાર ઘનમીટર વધારે વાપરવામાં આવેલ છે.

પાર્કમાં સ્કલ્પચર બનાવવામાં ૧.૮ લાખ બરફના ક્યુબ વાપરવામાં આવ્યા છે.

૩૪ વર્ષથી આયોજિત થતો આ ફેસ્ટીવલ દરરોજ એક લાખથી વધારે લોકો જોવા માટે

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

આવશે.

આ મહોત્સવમાં ૪૦ દેશોના કલાકારો ૧૫૦ થી વધારે ઈવેન્ટમાં પોતાનું હુન્નર દેખાડશે.

આ ફેસ્ટીવલ લગભગ બે માસ સુધી ચાલશે, આ ઉત્સવની થીમ આઈસ સ્નો બ્લુંમીંગ ગાર્ડન ફેન્ટાસ્ટિક વર્લ્ડ રાખવામાં આવેલ છે.

## કરંટ અફેર્સ, તારીખ ૮/૦૧/૨૦૧૮

### રાષ્ટ્રીય

**પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ પશ્ચિમ બંગાળ સરકારના આધિકારિક પ્રતિકનું અનાવરણ કર્યું.**

આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી મમતા બેનર્જીએ રાજ્ય સરકારના આધિકારિક પ્રતિકનું અનાવરણ કરેલ છે.

આ પ્રતિકને કેન્દ્ર સરકાર દ્વારા મંજુરી આપવામાં આવેલ છે.

આ પ્રતિકની ટોચ પર અશોક સ્તંભ મુકાયેલ છે.

અને મધ્યમાં બિસ્વા બંગાળ થીમ રાખવામાં આવેલ છે.

સુશ્રી બેનર્જીએ પ્રતિકની ડીઝાઈનમાં યોગદાન આપેલ છે.

### આંતરરાષ્ટ્રીય

**નાસા દ્વારા ગોલ્ડ અને આઈકોન મિશન લોન્ચ કરવાની જાહેરાત કરાઈ.**

અમેરિકી અંતરીક્ષ એજન્સી નેશનલ એરોનેટીક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન દ્વારા આ જાહેરાત ૪ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ.

આ મિશન પૃથ્વીની નજીક આયન મંડળને સમજવા માટે મહત્વપૂર્ણ રહેશે.

નાસા દ્વારા જાહેર કરાયેલ જાણકારી અનુસાર ગ્લોબલ-સ્કેલ ઓબ્જર્વેશન ઓફ ધ લીમ્બ એન્ડ ડિસ્ક મિશનને જાન્યુઆરી ૨૦૧૮ માં લોન્ચ કરવામાં આવશે.

**સુષ્મા સ્વરાજ ત્રણ રાષ્ટ્રના પ્રવાસે , ભારત-ઈન્ડોનેશિયા સયુંકત આયોગ બેઠક .**

વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ જે હાલ ત્રણ દેશોના પ્રવાસે છે, તેઓ ઈન્ડોનેશિયાના સમકક્ષ રેટનાં માર્સુડી સાથે ભારત-ઈન્ડોનેશિયા સયુંકત આયોગની પાંચમી બેઠકની સહઅધ્યક્ષતા કરશે.

બંને દેશો માલ અને સેવાઓના આદાન-પ્રદાનમાં વિશેષ સક્રિય થશે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

ઈન્ડોનેશિયાની રાજધાની જાકાર્તા છે, તેના રાષ્ટ્રપતિ જોકો વિદોડો છે.

## રમત-જગત

### એલીના સ્વિસોલીનાએ બ્રિસ્બેન ઈન્ટરનેશનલ ખિતાબ જીત્યો.

એલિના સ્વિટોલિનાએ બ્રિસ્બેન ઈન્ટરનેશનલ ફાઈનલમાં સીધા સેટજીતવાની સાથે ઓસ્ટ્રેલીયામાં પોતાના પ્રથમ ડબલ્યુ.ટી.એ.ખિતાબ જીતેલ છે.

સ્વિટોલિનાએ બેલારુસ ક્વાલીફાયર અલીસંદ્રા સસ્નો વિચને હરાવેલ છે.

નિક કીર્ગીઓસે પોતાના પ્રથમ એ.ટી.પી.ખિતાબ પર જીત માટે ચેમ્પિયન ગ્રીગર ડીમીટ્રોવ સાથે સેમીફાઈનલ જીત સાથે એક કદમ વધારેલ છે.

એલિના મૈખાયેલીવના સ્વીસોલીના એક યુક્રેના જાણીતા ખેલાડી છે.

## અન્ય

### દિલ્હી હાઈકોર્ટના આદેશ મુજબ મહિલાઓ પણ પ્રાદેશિક સેનામાં ભરતી થઈ શકશે.

દિલ્હી ઉચ્ચ ન્યાયાલય દ્વારા જાહેર કરવામાં આવેલ છે કે પ્રાદેશિક સેનામાં મહિલાઓ પણ ભરતી થઇ શકશે.

આ જાણકારી કોર્ટ દ્વારા પાંચ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ આપવામાં આવેલ છે.

કોર્ટ દ્વારા કહેવામાં આવેલ છે કે મહિલાઓ પર આ પ્રકારનો પ્રતિબંધ લગાવવાની વાત બંધારણના કાયદા વિરુદ્ધ છે.

પ્રદેશિક સેના નિયમિત સેના બાદ બીજી હરોળની રક્ષા સેના હોય છે.

કાર્યવાહક મુખ્ય ન્યાયાધીશ ગીતા મિત્તલ અને ન્યાયમૂર્તિ સી.હરી શંકરની ખંડ પીઠે કહેલ છે કે પ્રાદેશિક સેના અધિનિયમની ધારા છ માં કોઈપણ વ્યક્તિ શબ્દમાં પુરુષ અથવા સ્ત્રી બંને સામેલ છે.

આ બાબતમાં મહિલાઓને અન્યાય થાય તો તે બંધારણના નિયમો વિરુદ્ધ થશે. એમ કહી શકાય.

## સમીક્ષા, ૮/૦૧/૨૦૧૮

### વર્ષ ૨૦૧૭ માટે પોલીસ સ્ટેશનોની રેકિંગ જાહેર કરવામાં આવી...

દેશના ગૃહમંત્રી રાજનાથ સિંહ દ્વારા ૬ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ ડીજી કોન્ફરન્સમાં દેશના ત્રણ સૌથી સારા પોલીસ સ્ટેશનોને એવોર્ડ આપેલ છે.

દેશના ટોપ ત્રણ પોલીસ સ્ટેશનોમાં કોયમ્બતુરનું આર.એસ.પુરમ પોલીસસ્ટેશન તથા અન્ય બે હૈદરાબાદ અને લખનઉનું સ્ટેશન સામેલ છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

કેન્દ્ર સરકારે દેશભરના પોલીસ સ્ટેશનોની રેકિંગ માટે વ્યવસ્થા કરેલ તેમાં આ ત્રણ ઉભરી આવ્યા છે.

આ યાદીમાં દેશના મહત્વના ૧૦ પોલીસ સ્ટેશનો શાનોની ઓળખ કરવામાં આવેલ છે.

આ સર્વેનો મુખ્ય ઉદેશ્ય પોલીસની સેવાની ગુણવત્તા સુધારવાનો રહેલ છે.

આ ટોપ ટેનમાં આર.એસ.પોલીસ સ્ટેશન કોયમ્બતુરનું પ્રથમ જયારે પંજાગુટ્ટા હૈદરાબાદ બીજા સ્થાને રહેલ.

## કરંટ અફેર્સ, તારીખ ૯/૧/૨૦૧૮

### ભારતીય નૌસેનાએ કોચીન પોર્ટ ટ્રસ્ટ સાથે સમજુતી કરારપર હસ્તાક્ષર કર્યા.

ભારતીય નૌસેનાએ કોચીન પોર્ટ ટ્રસ્ટ સાથે પાંચ વર્ષ માટે મૈટાનચેરી વાર્ફના ૨૨૮ મીટર પટ્ટાને લીઝ પર લેવા માટેના સમજુતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવેલ છે.

નજીકના ભવિષ્યમાં પોતાના વિસ્તાર માટે નૌસેનાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આ સમજુતી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

કોચીન પોર્ટ ટ્રસ્ટના અધ્યક્ષ તરીકે પી.રવીન્દ્રન સેવા આપી રહ્યા છે.

ભારતીય નૌસેનાના વર્તમાન અધ્યક્ષ તરીકે એડમિરલ સુનીલ લાંબા સેવા આપી રહ્યા છે.

### હરિયાણા ઉચ્ચ ગર્ભાવસ્થા પોર્ટલ શરુ કરનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું.

હરિયાણા ઉચ્ચ જોખમ ગર્ભાવસ્થા (એચ.આર.પી.) પોર્ટલ લોન્ચ કરનાર પ્રથમ રાજ્ય બનેલ છે.

આ પોર્ટલ માત્ર ઉચ્ચ જોખમ ગર્ભાવસ્થાની ઓળખ નહિ કરે, પરતું વિશેષજ્ઞો દ્વારા આગળના પ્રબંધન અને સિવિલ હોસ્પિટલના તેમના માટે વ્યવસ્થા પણ ગોઠવાશે.

પ્રસુતીના ૪૨ દિવસો બાદ પ્રત્યેક ઉચ્ચ જોખમ ગર્ભવસ્થા વાળી મહિલાઓને ટ્રેક કરશે.

હાલ હરિયાણાના મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટર છે, અને રાજયપાલ તરીકે કેપ્ટન સિંહ સોલંકી સેવા આપી રહ્યા છે.

## આંતરરાષ્ટ્રીય

### ગોલ્ડન ગ્લોબ પુરસ્કાર ૨૦૧૮ ના વિજેતાઓની યાદી.

તાજેતરમાં ૭૫ માં ગોલ્ડન ગ્લોબ પુરસ્કાર સમારોહ લોર્સ એન્જેલાર્સમાં આયોજિત

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

કરવામાં આવેલ.

આ એવોર્ડમાં સર્વશ્રેષ્ઠ મોશન પિક્ચર્સ,ડ્રામા 'થ્રી બીલબોર્ડસ આઉટસાઈડ એબિંગ મિસ્સોરી બનવા પામી છે.

સર્વશ્રેષ્ઠ મોશન પિક્ચર્સ મ્યુઝીકલ અથવા કોમેડી 'લેડી બર્ડ' બનેલ છે.

સર્વશ્રેષ્ઠ નિર્દેશક મોશન પિક્ચર્સ 'ગુલીર્મો ડેલ ટોરો ધ શેપ ઓફ વોટર' રહેલ.

સર્વશ્રેષ્ઠ મોશન પિક્ચર્સ એનીમેટેડ તરીકે 'કોકો' રહેવા પામી છે.

સર્વશ્રેષ્ઠ ટેલીવિઝન સીરીઝ ડ્રામા 'ધ હેન્ડ મૈડસ ટેલ હુલું' જાહેર થયેલ છે.

## રમત –જગત

### ગિલ્સ સિમોને જીત્યો પ્રથમ તાતા ઓપનનો ખિતાબ.

ફ્રાંસના ગીલ્સ સાઈમને પ્રથમ તાતા ઓપન મહારષ્ટ્ર ટેનીસ ટ્રોફી જીતી લીધેલ છે.

પુણેમાં આયોજિત સ્પર્ધામાં બીજા નંબરના ખેલાડી કેવિન એન્ડરસનને સીધા સેટમાં પરાજિત કરી પહેલી તાતા ઓપન મહારષ્ટ્ર ટ્રોફી પોતાના નામે કરેલ છે.

મહારાષ્ટ્ર રાજ્યની રાજધાની મુંબઈ છે, ત્યાના રાજ્યપાલ ચેન્નામનેની વિદ્યાસાગર રાવ છે.

વિશ્વની રેક્રીંગમાં સિમોનનું સ્થાન ૮૯ મુ છે જયારે એન્ડરસનનું સ્થાન ૧૪ મુ છે.

## અન્ય

### બોલીવુડના અભિનેતા શ્રી વલ્લભ વ્યાસનું અવસાન થયું.

બોલીવુડ અભિનેતા શ્રી વલ્લભ વ્યાસનું અવસાન ૭ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ થયેલ છે.

તેઓનું અવસાન જયપુર રાજસ્થાનમાં થયેલ, તેઓ ૬૦ વર્ષની વયના હતા.

તેઓ લાંબા સમય સુધી પેરાલીસીસ અને હાઈ બ્લડ પ્રેશરની સમસ્યા સાથે લડી રહ્યા હતા.

તેઓએ ૫૦ થી વધારે ફિલ્મોમાં કામ કરેલ છે, વર્ષ ૧૯૯૧ માં તેઓ ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં આવ્યા હતા.

## સમીક્ષા, તારીખ ૯/૦૧/૨૦૧૮

### ઈસરોએ આજ સુધીનો સૌથી વધારે વજન વાળો સેટેલાઈટ બનવ્યો...

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા ઈસરોએ હાલમાં દેશનો સૌથી ભારે સેટેલાઈટ જી-સેટ-૧૧ તૈયાર કરેલ છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

આ ઉપગ્રહના પ્રક્ષેપણથી ભારતમાં ઈન્ટરનેટ અને ટેલીકોમ વ્યવસ્થામાં સારું પરિવર્તન આવશે.

જી-સેટ-૧૧ ઉપગ્રહનું વજન ૫.૬ ટન છે, તે માટેનું કુલ ખર્ચ ૧૧૧૭ કરોડ રૂપિયા થયેલ છે.

આ ઉપગ્રહની દરેક સૌર પેનલ ૪ મીટરથી પણ વધારે મોટી છે, તથા તે ૧૧ કિલોવોટ ઉર્જા ઉત્પાદન કરશે.

સેટેલાઈટના સફળ પરિક્ષણ બાદ ભારત પાસે પોતાનું સેટેલાઈટ આધારિત ઈન્ટરનેટ હશે.

જી-સેટ-૧૧ ઈસરોના ઈન્ટરનેટ બેઈઝ્ડ સેટેલાઈટ સીરીઝનો એક હિસ્સો છે.

આ સીરીઝ અંતર્ગત અવકાશમાં દોઢ વર્ષમાં ત્રણ સેટેલાઈટ લોન્ચ કરાશે,

આ પહેલા જુન ૨૦૧૭ માં એક ઉપગ્રહ લોન્ચ કરાઈ ચુક્યો છે.

હાલ તૈયાર થયેલ સેટેલાઈટને આ વર્ષના અંત સુધીમાં લોન્ચ કરાશે.

## કરંટ અફેર્સ, તારીખ ૧૦/૧/૨૦૧૮

## રાષ્ટ્રીય

### પ્રધાનમંત્રીશ્રીએ દિલ્હીમાં પ્રથમ પી.આઈ.ઓ. સંસદીય સંમેલનનું ઉદ્ઘાટન કર્યું.

દેશના પ્રધાનમંત્રી દ્વારા પ્રવાસી ભારતીય દિવસ અવસર પર દિલ્હીમાં પ્રથમ પી.આઈ.ઓ.( ફસ્ટ પર્સન ઓફ ઇન્ડિયન ઓરિજીન) સંસદીય સંમેલનનું ઉદ્ઘાટન કરેલ છે.

ભારતના વિકાસમાં વિદેશી ભારતીય સમુદાય યોગદાનને બિરદાવવા માટે આ દિવસ પ્રતિવર્ષ મનાવવામાં આવે છે.

૯ જાન્યુઆરી ૧૯૧૫ ના રોજ મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાથી પરત ભારત આવેલ તેના માનમાં આ દિવસ પ્રવાસી ભારતીય દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

વર્ષ ૨૦૦૩ થી ભારતમાં પ્રવાસી ભારતી દિવસ ૭ થી ૯ જાન્યુઆરી સુધી મનાવવામાં આવે છે.

### ભારતનું પ્રથમ મલ્ટી-પેટાફ્લોપ્સ સુપરકમ્પ્યુટર 'પ્રત્યુષ' દેશને સમર્પિત.

પૃથ્વી વિજ્ઞાન કેન્દ્રીયમંત્રી ડો.હર્ષવર્ધને પુણેમાં પ્રત્યુષ નામના ભારતના સૌથી તેજ અને પ્રથમ મલ્ટી પેટાફ્લોપ્સ સુપરકમ્પ્યુટર દેશને સમર્પિત કરેલ છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

આ કમ્પ્યુટર પુણેમાં ભારતીય મૌસમ વિજ્ઞાન સંસ્થામાં સ્થાપિત કરવામાં આવેલ છે.

આ પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય અંતર્ગત મૌસમ અને જળવાયું પૂર્વાનુમાન અને સેવાઓમાં સુધારા માટે એક રાષ્ટ્રીય સેવા સારી બનશે.

## આંતરરાષ્ટ્રીય

### ડબલ્યુ.ટી.ઓ.ના પ્રથમ મહાનિર્દેશક પીટર સદરલેંડનું અવસાન થયું.

વિશ્વ વ્યાપાર સંગઠનના પ્રથમ મહાનિર્દેશક પીટર સદરલેંડનું આયર્લેન્ડના ડબલીન ખાતે અવસાન થયેલ છે.

તેઓ ૭૧ વર્ષની વયના હતા, અને તેઓએ ૧૯૮૫ થી ૮૯ સુધી પ્રતિયોગીતાના યુરોપીય આયુક્ત તરીકે સેવારત રહ્યા હતા.

તેઓએ વર્ષ ૧૯૯૫ માં વિશ્વ વ્યાપાર સંગઠનને છોડી દીધેલ.

ડબલીન આયર્લેન્ડનું રાજધાની ક્ષેત્ર છે.

વિશ્વ વ્યાપાર સંગઠનના વર્તમાન ડીજી તરીકે રોબર્ટો એજેવેડો સેવા આપી રહ્યા છે.

## રમત-જગત

### વિશ્વ ચેમ્પિયન પાવરલીફટર સક્ષમ યાદવનું અવસાન.

દિલ્હીના નજીક એક સડક દુર્ઘટના બાદ વિશ્વ ચેમ્પિયન પાવરલીફટર સક્ષમ યાદવનું અવસાન થઇ ગયેલ છે.

તેઓ એક કાર દુર્ઘટનામાં ઘાયલ થયા હતા.

યાદવે રશિયાના મોસ્કોમાં આયોજિત ૨૦૧૭ પાવરલિફટિંગ ચેમ્પિયનશીપમાં દેશ માટે સુવર્ણ પદક જીતવામાં સફળ રહ્યા હતા.

## ગુજરાત

### ગુજરાતમાં આગામી સમયમાં ૧૪૨૩ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાશે.

આગામી ૪ ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ ગુજરાતમાં ૧૪૨૩ ગ્રામ પંચાયતોની ચુંટણી આયોજિત કરાશે.

આગામી ૧૫ જાન્યુઆરીના રોજ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવશે.

આગામી ૬ ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ આ ચુંટણીનું પરિણામ જાહેર કરાશે.

ગુજરાતમાં બીજા તબક્કામાં ૪૫ નગરપાલિકા અને ૧૭ તાલુકા પંચાયતોની ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ કરાશે.

EduSafar

## અન્ય

### પ્રથમવાર દિલ્હી સરકારે લોન્ચ કર્યું બસ અબે મેટ્રોની મુસાફરી માટે કોમન કાર્ડ.

દિલ્હીના મુખ્યમંત્રીશ્રીએ સાર્વજનિક બસ અને મેટ્રોટ્રેન મુસાફરી માટે એક સામાન્યકાર્ડ લોન્ચ કરેલ છે.

દિલ્હી સમાન્ય મોબિલિટી કાર્ડ વાળું દેશનું પ્રથમ શહેર બનવા પામેલ છે.

આ કાર્ડનો ઉપયોગ મેટ્રો સિવાય શહેરમાં ચાલનાર ૨૦૦ ડીટીસી અને ૫૦ ક્લસ્ટર બસોમાં ઉપયોગ કરી શકાય છે.

આ કાર્ડ ડેબિટકાર્ડની જેમ કામ કરશે.આગામી એપ્રિલ ૨૦૧૮ થી તમામ ડીટીસી અને ક્લસ્ટર બસમાં વાપરી શકાશે.

## સમીક્ષા, તારીખ ૧૦/૦૧/૨૦૧૮

### લોજીસ્ટીક પરફોર્મન્સ ઈન્ડેક્સ ચાર્ટમાં ગુજરાત સૌથી ટોચના ક્રમે...

નવી દિલ્હીમાં વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી સુરેશ પ્રભુ દ્વારા જાહેર કરાયેલા રીપોર્ટ અનુસાર ગુજરાત લોજીસ્ટીક ઈન્ડેક્સ ચાર્ટમાં સૌથી ઉપર જાહેર કરેલ છે.

આ ચાર્ટ વિશેષ રૂપથી ઉત્પાદનને વધારવા માટે અને સામાન્ય રૂપથી આર્થિક વિકાસ માટે આવશ્યક અન્ય સેવાઓની દક્ષતાનો સંકેત કરે છે.

૨૨ રાજ્યોના ઈન્ડેક્સમાં ગુજરાત પ્રથમ ત્યારબાદ પંજાબ અને આંધ્રપ્રદેશ અને ત્યારબાદ મહારાષ્ટ્રને સ્થાન મળેલ છે.

આ રેકિંગ પ્રાથમિક સેવાઓ વિનિયામક પ્રક્રિયા અને કાર્ગોની સુરક્ષા સહીત આઠ માપદંડોને ધ્યાને લેવાયા છે.

સંઘ શાસિત પ્રદેશોમાં દમન અને દીવ પ્રથમ સ્થાન પર રહેલ છે.

પહાડી રાજ્યોના સંદર્ભમાં ત્રિપુરા પ્રથમ સ્થાન પર આવે છે.

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વિજયભાઈ રૂપાણી અને રાજ્યપાલ તરીકે ઓમપ્રકાશ કોહલી સેવા આપી રહ્યા છે.

## કરંટ અફેર્સ, તારીખ ૧૧/૧/૨૦૧૮

## રાષ્ટ્રીય

### ૧.૪૯ લાખ કરોડ રૂપિયાના રોકાણના આશય સાથે કર્ણાટક તમામ રાજ્યોથી ટોચના ક્રમે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

કર્ણાટકમાં મોટા,મધ્યમ અને પ્રાથમિક વિકાસ મંત્રી આર.વી.દેશપાંડેના કહેવા અનુસાર ઓક્ટોબર ૨૦૧૭ સુધી ૧.૪૯ લાખ કરોડ રૂપિયાના રોકાણ સાથે કર્ણાટક રાજ્ય દેશમાં સૌથી અગ્રીમ છે.

આ રોકાણ દેશના કુલ રોકાણના હિસ્સાનું ૪૩ ટકા જેટલું છે.

કર્ણાટક એફ.ડી.આઈ. પ્રવાહમાં સૌથી ઉપર છે, તથા તેના ઉત્પાદનની સ્થિતિ પણ સારી છે.

આ ઉત્પાદનમાં ઈલેક્ટ્રોનિક તથા સોફ્ટવેર સેવાઓમાં લગભગ ૪૦ ટકાનું યોગદાન છે.

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા છે, જયારે આ રાજ્યના રાજ્યપાલ વજુભાઈ વાળા છે.

## આંતરરાષ્ટ્રીય

### અમેરિકન સરકારે જાપાનને એન્ટી બેલેસ્ટિક મિસાઈલો વેંચવાની મંજુરી પ્રદાન કરી.

અમેરિકી સરકારે ઉત્તર કોરીયાના વધતા પ્રભાવથી બચવા માટે જાપાનને બેલેસ્ટિક મિસાઈલ વેંચવાનો નિર્ણય કરેલ છે.

યુ.એસ.સ્ટેટ ડીપાર્ટમેન્ટદ્વારા નવ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ ૧૩૩ મીલીયન ડોલરના મૂલ્યની ચાર મિસાઈલો અને તેના સંબંધિત હાર્ડવેરના વેંચાણને મંજુરી અપાઈ છે.

આ મિસાઈલોને સમુદ્રમાં સ્થિત ડેસ્ટ્રોયર્સ અથવા ભૂમિ આધારિત પ્રણાલીથી લોન્ચ કરી શકાય છે.

જાપાને હાલમાં ઔપચારિક રૂપથી આ નિર્ણય કરેલ છે કે તેઓ અમેરિકાના સંરક્ષણ શસ્ત્રો વપરાશે.

તેઓ પોતાના સ્ટેશનો અને બેલેસ્ટિક મિસાઈલ રક્ષા પ્રણાલી પણ વિકસિત કરશે.

## ગુજરાત

### ગુજરાતમાં ઉતરાયણને લઈને રાજ્યવ્યાપી કરુણા અભિયાન ૨૦૧૮ નો પ્રારંભ કરાયો.

૧૦ થી ૨૦ જાન્યુઆરી ૨૦૧૮ સુધી આ અભિયાન ચલાવવામાં આવશે.

તેમાં ઘવાયેલા પક્ષીઓની સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સની જેમ કરુણા એનીમલ એમ્બ્યુલન્સ આવશે, પક્ષીઓની સારવાર કરશે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

આ માટે હેલ્પ લાઈન નંબર ૧૯૬૨ આપવામાં આવેલ છે.

રાજ્યમાં ઘાયલ પક્ષીઓને બચાવવા માટે ૭૬૪ ટીમ તૈયાર કરવામાં આવેલ છે.

## રમત-જગત

### આદિત્ય મહેતાએ કોલકાતા ઓપન ૨૦૧૮ ઈન્ટરનેશનલ ઈનવિટેશન સ્નુકર ચૈમ્પિયનશીપ જીતી.

જાણીતા ખેલાડી આદિત્ય મહેતાએ પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતા શહેરમાં આયોજિત કોલકાતા ઓપન ૨૦૧૮ ઈન્ટરનેશનલ ઈનવીટેશન સ્નુકર ચૈમ્પિયનશીપ જીતી લીધેલ છે.

આ તેમની રમતની શરૂઆત બાદ ત્રીજો ખિતાબ છે.

આ ખેલની ફાઈનલમાં તેઓએ ઈંગ્લેન્ડના પ્રોફેશનલ પ્લેયર અલ્ફી બર્ડનને હરાવેલ.

અન્ય

સંપૂર્ણપણે મહિલાઓ દ્વારા સંચાલિત માટુંગા રેલ્વે સ્ટેશનનું નામ લિમ્કા બૂક ઓફ રેકોર્ડમાં નોંધવામાં આવ્યું.

સેન્ટ્રલ રેલ્વેના માટુંગા ઉપનગરીય સ્ટેશને તમામ મહિલા કર્મચારીઓ માટે લિમ્કા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવેલ છે.

આ રેલ્વે સ્ટેશન દેશનું એકમાત્ર એવું રેલ્વે સ્ટેશન છે, જ્યાં સંપૂર્ણપણે મહિલા કર્મચારીઓ સેવા આપી રહ્યા છે.

જુલાઈ ૨૦૧૭ માં આ સ્ટેશનને મહિલા કર્મચારીઓને સોંપી દેવામાં આવેલ.

માટુંગા રેલ્વે સ્ટેશન મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં આવેલ છે.

ગુજરાતમાં ભાવનગર રેલ્વે સ્ટેશનમાં કુલી તરીકે મહિલાઓ સેવા આપે છે.

## સમીક્ષા,તારીખ ૧૧/૦૧/૨૦૧૮

### આંચલ ઠાકુરે આંતરરાષ્ટ્રીય સ્તરની સ્કીઈંગ પ્રતિયોગીતામાં કાંસ્યપદક જીતીને ઈતિહાસ રચ્યો...

હિમાચલપ્રદેશના આંચલ ઠાકુરે તુર્કીમાં યોજાયેલ એક આંતરરાષ્ટ્રીય સ્કીઈંગ પ્રતિયોગિતામાં કાંસ્યપદક જીતી લીધેલ છે.

આંતરરાષ્ટ્રીય સ્કીંઈંગ પ્રતિયોગિતામાં પદક જીતનાર આંચલ ભારતના પ્રથમ મહિલા ખેલાડી છે.

તેણીએ અલ્પાઈન એજડેર ૩૨૦૦ કપમાં કાંસ્યપદક પોતાના નામે કરેલ.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

ભારત માટે સ્કીઈંગ માટે આ પ્રથમ પદક છે.

અલ્પાઇન એજડેર ૩૨૦૦ કપનું આયોજન સ્કી ઇન્ટરનેશનલ ફેડરેશન કરે છે.

આંચલે આ મેડલ સ્લાલમ રેસ કેટેગરીમાં જીતેલ છે.

સ્લાલમનો મતલબ સર્પાકાર રસ્તા પર સ્કીઈંગ દૌડ થાય છે.

## કરંટ અફેર્સ, તારીખ ૧૨/૧/૨૦૧૮

### રાષ્ટ્રીય

**કેન્દ્રના કેબિનેટે સિંગલ રીટેઈલ બ્રાન્ડમાં ૧૦૦ ટકા વિદેશી રોકાણને મંજુરી આપી.**

૧૦ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ કેન્દ્ર સરકારે પ્રત્યક્ષ વિદેશી રોકાણ અર્થાત એફ.ડી.આઈ.ના નિયમોમાં વિશેષ છુટછાટ આપેલ છે.

કેન્દ્ર સરકારે સિંગલ બ્રાંડ રીટેઈલમાં ૧૦૦ ટકા એફ.ડી.આઈ.ને મંજૂરી આપવાની જાહેરાત કરી છે.

સિંગલ બ્રાંડ સાથે વિનિર્માણ અને વિમાનન ક્ષેત્રમાં પણ એફ.ડી.આઈ.ના નિયમો હળવા કરવામાં આવેલ છે.

કેન્દ્ર સરકાર તરફથી એફ.ડી.આઈ નિયમોમાં ઢીલ એ આર્થિક સુધારાની દિશામાં એક આગળનું પગલું માનવામાં આવે છે.

આ નિર્ણયથી ઈઝ ઓફ ડુઈંગ બિજનેસ ઇન્ડેક્સમાં સુધારો થશે.

એફ.ડી.આઈ.ના વધારે પ્રવાહથી રોકાણ અને રોજગારીને પ્રોત્સાહન મળશે.

### આંતરરાષ્ટ્રીય

**ઓલ્ડ મોન્ક રમના નિર્માતા બ્રિગેડીયર કપિલ મોહનનું અવસાન.**

પ્રખ્યાત રમ બ્રાંડ ઓલ્ડ મોન્કનું નિર્માણ કરનાર કપિલ મોહનનું તાજેતરમાં આવસાન થયેલ છે.

તેઓ ૮૮ વર્ષની વયના હતા.

કપિલ મોહન મોહન મીકીન લીમીટેડના ચેરમેન હતા, આ કંપની રમ સિવાય અન્ય પીણાનું પણ ઉત્પાદન કરે છે.

કપિલ મોહનને વર્ષ ૨૦૧૦ માં પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવેલ.

કપિલ મોહને ઓલ્ડ મોન્ક રમને વર્ષ ૧૯૫૪ માં લોન્ચ કરેલ.

આ રમ ભારતમાં નહિ પરંતુ સમગ્ર વિશ્વમાં લોકપ્રિય થયેલ છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

## અન્ય

### ભારતીય અવકાશી સંશોધન સંસ્થા ઈસરોના નવા ચેરમેન તરીકે કે. સિવન નિમાયા.

રોકેટ સ્પેશ્યાલિસ્ટ ગણાતા કે.સિવન ઈસરોના નવા ચેરમેન બન્યા છે.

તેમની કુશાગ્રતાને કારણે તેમણે ૧૦૪ ઉપગ્રહ એકસાથે મોકલી રેકોર્ડ તોડ્યો હતો.

તેઓ વર્ષ ૧૯૮૨ થી ઈસરો સાથે જોડાયેલા છે.

સિવન પી.એસ.એલ.વી. પ્રોજેક્ટ સાથે સંકળાયેલા છે.

હાલ ચેરમેન તરીકે રહેલા કિરણ કુમાર આગામી ૧૪ મી જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ પોતાના પદ પરથી નિવૃત થશે.

## સમીક્ષા, તારીખ ૧૨/૦૧ ૨૦૧૮

### રાજ્યપાલોની સમિતિએ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને રીપોર્ટ આપ્યો...

દેશના રાજ્યપાલોની સમિતિએ રાષ્ટ્રપતિએ રીપોર્ટ આપ્યો તેમાં લખાયેલ છે કે રાજપાલ પોતાના રાજ્યમાં વિકાસ કામને કાર્યન્વન કરવા માટે સલાહકારની ભૂમિકા નિભાવે છે.

રાજ્યપાલની આ સમિતિએ રાજ્યપાલ વિકાસના રાજદૂત સમાજમાં પરિવર્તન માટે એજન્ટોના રૂપમાં રાજ્યપાલની ભૂમિકા રહી છે.

રાજ્યપાલોના ૪૮ માં સંમેલનમાં આ સમિતિની રચના કરવામાં આવી હતી.

આ સમિતિના સદસ્યોમાં આંધ્રપ્રદેશ તથા તેલંગાનાના રાજ્યપાલ ઈ.એસ.એલ. નરસીમ્હન તથા અન્ય સામેલ છે.

આ ઉપરાંત તમિલનાડુના રાજ્યપાલ બનવારી લાલ પુરોહિત,ઉત્તર પ્રદેશના રાજ્યપાલ રામ નાઈક પણ સામેલ છે.

ત્રિપુરાના રાજ્યપાલ તથાગત રાય તથા હિમાચલ પ્રદેશના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત પણ સામેલ છે.

Google Play Store પર જઈ EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો.

**નમસ્કાર મિત્રો,**

એજ્યુસફરની કરંટ અફેર્સની સફરનો લાભ લઈ રહ્યા છો,

આ કરંટ અફેર્સના ગુજરાતી વિડીયો પણ યુટ્યુબ પર છે, જેમાં અગત્યના મુદ્દા અને સાથે અન્ય જીકે પણ સમાવવાનો પ્રયાસ પરેશભાઈ ચાવડા દ્વારા કરવામાં આવી રહ્યો છે.

આ ઉપરાંત ઘણા વિડીયો એજ્યુસફરના યુટ્યુબ પર છે. જે આપને સ્પર્ધાત્મક પરીક્ષા માટે ખુબ જરૂરી છે. આ વિડીયો જોવા માટે આપે યુટ્યુબ પર જઈ, એજ્યુસફર (EduSafar) સર્ચ કરી ચેનલ પર જશો. હા જો એજ્યુસફર ચેનલ હજુ સબસ્ક્રાઈબ ન કરી હોય તો કરી લેશો, જેથી આપને આમારા નવા વિડીયોની જાણ પણ થતી રહેશે.

આ ફાઈલ આપને ઉપયોગી થાય તેવા હેતુથી બની છે, તો તમારા મિત્રોને પણ આ ફાઈલ પહોચતી કરશો. પ્રિન્ટ કરી ને પણ વાંચી શકો, ઝેરોક્ષ કરી ને પણ ઉપયોગમાં લઈ શકો.

આ માટે આપના દરેક સૂચનો આવકાર્ય છે.

આપ જેતે પરીક્ષામાં સફળ થાવ તેવી શુભેચ્છા.

એજ્યુસફર પરિવાર

EduSafar

# GK અને JOB માટે બેસ્ટ એન્ડ્રોઈડ App

Google Play Store પર જઈ, EduSafar સર્ચ કરી, એપ ડાઉનલોડ કરી લેશો. **અથવા**




આ માટે નીચે આપેલ લીંક પરથી ડાઉનલોડ કરી લેશો.
www.edusafar.com

કરંટ અફેર્સ વિડીયો,
બંધારણ વિડીયો,
ગુજરાતી વ્યાકરણ,
ઈંગ્લીશ ગ્રામર,
રીજીનીંગ (તાર્કિક) વિડીયો,
ધોરણ ૧૦ ગણિતના વિડીયો

સ્પર્ધાત્મક પરીક્ષા માટે YouTube પર જઈ, EduSafar લખી, સર્ચ કરી, ફ્રી વિડીયોનો લાભ લો.

EduSafar